# ગાંધીજી અને સ્ત્રીકલ્યાણ

ઘનશ્યામ આર. દેસાઈ
પીએચ.ડી. વિદ્યાર્થી, ગુજરાત યુનિવર્સિટી

*૨જી ઓક્ટોબર, ૧૮૬૯માં પોરબંદરમાં જન્મેલ મોહનદાસ કરમચંદ ગાંધી દેશના આઝાદી અપાવવાની સાથે સમાજ સુધારણા કરવા માંગતા હતાં. તેઓ* "Bottom To Top" *માં સમાજ સુધારણા કરવા માંગતા હતા. તે માટે તેમણે અઢારવિધ રચનાત્મક કાર્યક્રમ આપ્યો હતો. તેમાંથી આપણે અહીં સ્ત્રી સ્ત્રીકલ્યાણની ચર્ચા કરવાની છે.*

## ૧. સ્ત્રી કલ્યાણ

*ગાંધીજી મહિલાઓને અહિંસાની સજીવ મૂર્તિ સમી માનતા હતા. જેમ વર્ણને લીધે ઊંચ-નીચના ભેદ સર્જાય છે. એ એમને કબૂલ નહોતું એ જ પ્રમાણે લિંગને લીધે એવા ભેદો સર્જાય એ પણ તેઓ ન સાંખી શકતા. એમને મતે તો સ્ત્રીને અબળા કહેવી એ એનું અપમાન છે. પુરુષે એને કરેલો ઘોર અન્યાય છે. "જો બળનો અર્થ આપણે પાશવી બળ કરતાં હોઈએ તો સ્ત્રી પુરુષ કરતાં ઓછી પાશવી છે અને જો બળનો અર્થ નૈતિક બળ કરતા હોઈએ તો સ્ત્રી પુરુષ કરતાં શ્રેષ્ઠ છે. શું એનામાં વધુ અંતરસૂઝ નથી શું એ વધુ સેવાભાવી નથી. વધુ સહનશીલ નથી. વધુ હિંમતવાળી નથી ?" એના વિના પુરુષ જીવી જ ન શકે. જો અહિંસા એ આ સૃષ્ટિનો નિયમ હોય તો ભવિષ્ય સ્ત્રીના હાથમાં છે."*

*હિંદુ ધર્મશાસ્ત્રોમાં અને સાહિત્યની કૃતિઓમાં સ્ત્રી પર થયેલા આક્ષેપો વિરુદ્ધ ગાંધીજીએ અવાજ ઉઠાવ્યો. તુલસીદાસનો દુહો "ઢોલ, ગંવાર, પશુ ઔર નારી યે સબ તાડનકે અધિકારી" એ ટાંકીને ગાંધીજીએ કહેલું કે ક્યાં તો તુલસીદાસે એ લખ્યો નહીં હોય અને જો રૂઢિઓને અનુસરી એમણે જ એ લખ્યો હોય તો એ વગર વિચાર્યે લખાયે છે. આમ, મહાપુરુષોના કથન પણ જો એમને તાર્કિક દૃષ્ટિએ સુસંગત ન લાગે તો ગાંધીજી એનો અસ્વીકાર કરતાં અચકાતા નહીં.*

*બાળગ્ન, દહેજ, પડદા, દેવદાસી, આદિ સમાજમાં પ્રવર્તતા કુરિવાજો અંગે ગાંધીજી જાગૃત હતા. એટલું જ નહીં પણ એ વિરુદ્ધ જેહાદ જગાવવા માટે તેઓ સ્ત્રીઓને પણ જાગૃત કરવા ઈચ્છતા હતા.*

*ગાંધીજીની પહેલાં રાજારામ મોહનરાય, ઈશ્વરચંદ વિદ્યાસાગર, મલબારી, મહર્ષિ કવિ, પંડિતા રામબાઈ આદિ સુધારકોએ તથા બ્રહ્મસમાજ, આર્યસમાજ આદિ સંસ્થાઓએ સ્ત્રી ઉન્નતિ માટે પ્રશસ્ય પ્રયત્નો કર્યા હતા. પણ એમના પ્રયત્નોને જોઈએ એટલા પ્રમાણમાં પ્રતિસાદ મળ્યો નહોતો. ગાંધીજીએ સ્ત્રી ઘરકૂકડી મટી*

સામાજિક, આર્થિક, રાજકીય આદિ સર્વ ક્ષેત્રે આગળ આવે પુરુષની દાસી નહીં પણ સહચરી બને એવા ઉપાયો યોજ્યા.

ગાંધીજીનો આદેશ મળતા સૈકાજૂના રીતરિવાજોના બંધન તોડીને દેશની સ્ત્રીઓએ સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઝંપલાવ્યું અને એમાં અપ્રતિમ ફાળો આપ્યો. મહિલાઓએ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. તેમજ ચંપારણ્યણાં પણ ગાંધીજીને સાથ આપ્યો હતો. મીઠાના સત્યાગ્રહમાં શરૂઆતામં ગાંધીજીની સત્યાગ્રહ ટુકડીમાં એક પણ સ્ત્રીનો સમાવેશ કરવામાં નહોતો આવ્યો. તે પણ સ્ત્રીઓએ અને સ્ત્રી સંસ્થાઓએ આ અંગે રોષ પ્રકટ કર્યો અને ગાંધીજીને એમને સત્યાગ્રહીઓ તરીકે સ્વીકારવાની ફરજ પડી. એમણે એમના પછી અબ્બાસ તયબ્બજી અને એમના પછી સરોજીની નાયડુના હાથમાં સત્યાગ્રહનું નેતૃત્તવ સોંપવાની જાહેરાત કરી. આથી દેશની મહિલાઓમાં જાણે નવજીવનનો સંચાર થયો. ઘેર ઘેર કુમળી બાલિકાઓ યુવતીઓ, વૃદ્ધા, માતાઓ, મીઠું પકવતી અને ગર્વથી "નમક કા કાયદા તોડ દિયાનું સુત્ર પોકારતી એમના પરાક્રમની પ્રશંસા કરતાં કમળાદેવીએ લખ્યું છે" મહિલાઓએ દેશના દરેક ઘરને ક્રાંતિકારીઓનું પવિત્ર મથક બનાવી દીધું. એમની સુચિતાથી એમણે આંદોલનને પાવનકારી બનાવ્યું. જે આંદોલનમાં પગરણ ગૃહ જેવા પવિત્રધામમાં મંડાયા હોય તેનો સામનો શક્તિશાલીમાં શક્તિશાળી સ્રામાજ્ય પણ ન કરી શકે." આંદોલનના શરૂઆતના ૧૦ મહિનામાં જ ૧૭૦૦૦ બહેનોએ જલયાત્રા કરી. કોંગ્રેસ તથા દેશવાસીઓએ સ્વાતંત્ર્ય સંગ્રામમાં સ્ત્રીઓએ આપેલા સહભાગના ગુણ ગાયા, ગાંધીજીએ એમને બિરદાવતા કહ્યું કે સ્વાતંત્ર્ય સંગ્રામમાં હિંદની બહેનોએ ભજવેલા ભાગની ગાથા સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસમાં સુવર્ણાક્ષરોએ અંક્તિ થશે."

ગાંધીજી કુટુંબને ઈશ્વરનિર્મિત સંસ્થા માનતા. પતિ-પત્ની વચ્ચેનો સંબંધ માલિક અને નોકરનો નહીં પણ પરસ્પર પ્રેમ અને આદરનો હોવો જોઈએ. શાસ્ત્રોમાં સ્ત્રીને અર્ધાગિની અને સહધર્મ ચારિણી કહી છે. એ વાત પ્રત્યે તેઓ આદર્શ પત્ની માનતા અને રામને આદર્શ પતિ, પતિ પત્ની બહ્મચર્ય પાળે એ તેઓને મન ઈષ્ટ હતું. પણ એ જો શક્ય ન જ હોય તો બંને બને એટલો સંયમ પાળે અને સંભોગ પ્રજોત્પતિ માટે જ થાય એમ વર્તે. આમ, ગાંધીજી કુટુંબ નિયોજનમાં નહોતા માનતા. એમ નહોતું પણ એને માટે કૃત્રિમ કરતા કુદરતી ઉપાયો તથા આ આત્મનિયમન પર વધુ ભાર મૂકતા કારણ એમને ખાત્રી હતી કે "લોકો જો કૃત્રિમ ઉપાય અપનાવતા થાય તો એનાથી નૈતિક પતન થાય." લગ્નનો ઉદ્દેશ ધર્મનું પાલન કરવાનો છે અને એને માટે વંશવૃદ્ધિ પણ જરૂરી છે. આમ, પહેલું સંતાન ધર્મ જ ગણાય. પણ એ પછીના સંતાનો કામ કે વાસનામાંથી જન્મેલો એટલે કે "કામ જ" ગણાય. એઓ માનતા કે બાળલગ્ન પર પ્રતિબંધ મૂકવાથી પણ થોડા પ્રમાણમાં વસતીવધારો રોકી શકાય.

સંતાનોને યોગ્ય શિક્ષણ મળે એ જોવાની ફરજ છે એ માટે બાળકો પર પૂરું ધ્યાન આપવું જોઈએ અને છોકરા-છોકરી કોઈ ભેદ ન રાખવો જોઈએ.

બાળલગ્નને કોઈપણ આધાર છે એમ માનવાને ગાંધીજી તૈયાર નહોતા અને તેઓ બાળલગ્નને શારીરિક તેમજ માનસિક અધઃપતનનું સૂચક માનતા. બાળવિધવા અને પ્રસુતિમાં નીપજતા કુમળી માતાઓના મરણ એ બાળવિવાહના દુષ્પપરિણામો છે. ૧૯૨૯માં બાળલગ્ન પર પ્રતિબંધ મૂકતો કાયદો પસાર થયો. ત્યારે ઘણા જૂનવાણી હિંદુ તેમજ મુસલમાનોએ એનો વિરોધ કર્યો પણ ગાંધીજીએ એને પૂરું સમર્થન આપ્યું. વળી, લગ્ન એટલે માત્ર કોઈ કાનૂની કરાર નહીં પણ પતિ-પત્નીની અલગ મટીને સલગ બનાવાની, સહિયારું જીવન જીવવાનો ઈચ્છાનો એકરાર કે પવિત્ર સંસ્કાર એમ માનતા હોવાથી ગાંધીજીએ દહેજની પ્રથાનો પણ સખત વિરોધ કર્યો. કન્યા વિક્રયની વસ્તુ નહીં પણ ભર્યું ભર્યું જીવન જીવવાની ભાવનાવાળી જીવંત વ્યક્તિ છે. એ ગાંધીજી સારી રીતે સમજતા, માટે દહેજની બદીને દૂર કરવા માટે તેઓ યુવાનોને દહેજ ન લેવાની પ્રતિજ્ઞા લેવાની શીખ દેતા અને યુવતીઓને સમજાવતા કે દહેજની માંગણી સ્વીકારીને પરણવા કરતાં અપરિણીત જીવન જીવવું વધુ હિતાવહ છે. તેઓ આંતરજ્ઞાતીય વિવાહની હિમાયત કરતા.

સાધારણ રીતે ગાંધીજી લગ્ન વિચ્છેદના પક્ષમાં નહોતા, પણ અનેક પ્રયત્નો કર્યા. છતાં- પતિ-પત્નીના સુમેળ સાધી શકાય એમ નજ હોય. તો તેઓ એમને છૂટા થવાની અથવા લગ્ન વિચ્છેદ કરવાની સલાહ આપતા. પણ પછી તેઓ ફરી સંસારી બની પાછા એ જ રટમાળમાં પડે એના કરતાં સેવામય જીવન વ્યતિત કરે એમ ઈચ્છતા. પણ જ્યાં પત્ની પર ખૂબ જોરજૂલમ થતો હયો, રોજેરોજ એની કનડગત થતી હોય એવા અપવાદરૂપ કિસ્સાઓમાં એમને પુનર્લગ્ન સામે વાંધો નહોતો.

હરિજનોની માફક વિધવાઓ પ્રત્યે પણ સમાજ તિરસ્કારની દૃષ્ટિએ જુએ છે. એ જોઈ ગાંધીજી વ્યથિત થતા. પતિના મરણ પછી ત્યાગમૂર્તિ સમી સ્ત્રીઓ પતિના અધૂરાં કામ પૂરા કરવામાં જીવન વ્યતિત કરે. એમ તેઓ ઈચ્છતા પણ એ શક્ય ન હોય તો વિધવાને પુનર્લગ્નની છૂટ આપતા. દેહલગ્નની વિધવા માટે પુનર્લગ્ન સમું પુણ્ય નથી અને સ્નેહલગ્નની વિધવા માટે પુનર્લગ્ન સમું પામ નથી. એવી ન્હાનાલાલની માન્યતા સાથે સહમત થતાં ગાંધીજી લખે છે કે, "જેણે પતિનો પ્રેમ માણ્યો છે એવી વિધવાઓ જો સ્વેચ્છાએ વૈધવ્ય સ્વીકારે તો એમનું જીવન ગૌરવવંતુ બને છે. એમનું ઘર પવિત્ર બને છે. અને ધર્મ અથવા રીતરિવાજોએ એમની ઉપર લાદેલું વૈધવ્ય દીપી ઊઠે છે અને છૂપા પાપથી ધર્મનું મૂલ્ય પણ ઓછું થાય છે." ગાંધીજી વિધવાની માફક વિધુરોને પણ પુનર્લગ્ન ન કરવાની સલાહ આપતા.

દેશના કેટલાક ભાગોમાં પ્રચલિત પડદા પ્રથાનો, પતિ પાછળ સતી થવાના રિવાજનો, છોકરીઓને દેવદાસી બનાવાવ જેવા કુરિવાજોનો પણ ગાંધીજીએ જોરદાર વિરોધ કર્યો. તેઓ માનતા કે કુમળી બાળાઓ વ્યભિચાર માટે મંદિરને અર્પણ કરવાની પ્રથાને દેવદાસીનું નામ આપવું એ દેવનું અપમાન કરવા જેવું છે. એ જ પ્રમાણે સતીપ્રથાને પણ તેઓ રાક્ષસી પ્રથા માનતા. જેમ ગાંધીજી વિધવાને અપશુકનિયાળ નહોતા માનતા એમ વેશ્યાને પણ પતિતા નહોતા માનતા તેમજ તેઓ વેશ્યાવૃત્તિ માટે સ્ત્રી જેટલો જ જવાબદાર પુરુષને પણ માનતા.

સમાજમાં પ્રચલિત આવી અનેક કુરીતિઓનો સામનો કરવા માટે ગાંધીજી એકબાજુ પુરુષને સ્ત્રી પ્રત્યે વધુ કૂણું અને સમજદારીભર્યું વલણ અપનાવવાની અને એને પુરુષ સમોવડી ગણવાની સલાહ આપતા અને બીજી બાજુ સ્ત્રીઓ અને સ્ત્રી સંસ્થાઓને સંગઠિત બની અને જરૂર પડે તો સત્યાગ્રહ કરીને આ બદીનો વિરોધ કરવાનું કહેતા. આ માટે એમને આર્થિક રીતે પગભેર કરી શકાય તો એમનું કામ સહેલું બને એ આશયથી એમણે ચરખાનું અમોધ સાધન ચીંધ્યું અને આત્મનિર્ભર થવાની પ્રેરણા આપી આ સાથે જ આ માટે સ્ત્રીઓને શિક્ષણ આપવાની જરૂરિયાત પર પણ તેઓ ભાર મૂકતા.

આમ, ગાંધીજીએ તેમની રચનાત્મક પ્રવૃત્તિઓ અને રચનાત્મક કાર્યકરો દ્વારા સમાજસુધારણામાં નોંધપાત્ર ભાગ ભજવ્યો હતો.

## સંદર્ભસૂચિ

૧. ગાંધી, મોહનદાસ (૨૦૧૨). આત્મકથા (સત્યા પ્રયોગો), નવજીવન, અમદાવાદ, પુનમુદ્રણ
૨. પ્રભુ, આર. કે.(૨૦૧૨). મારા સ્વપ્નનું ભારત,, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪ પુનઃઆવૃત્તિ,
૩. જોષી, રજનીકાંત (૨૦૦૨). મહાત્મા ગાંધી અને ભારતીય અપધારણા, અમૃતા પ્રકાશન, અમદાવાદ.
૪. મહેતા, ઉષા ગાંધીજી આદર્શો અને વિચારોનું ઘડતર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
૫. શાહ, દશરથલાલ રચનાત્મક કાર્યક્રમો આજના સંદર્ભમાં, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪.
૬. શાહ, અંજના બી., સમાજ સુધારણામાં ગાંધીજીનું પ્રદાન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.